



## મોડાસામાં નવરાત્રીની જમાવટ : ચોથા નોરતે ખેલૈયાઓ ઝૂમ્યા

મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં નવરાત્રીની ચોથા નોરતે જમાવટ જોવા મળી હતી. મોડાસાની અર્બુદા રંગતાળી મહોત્સવ, કુમકુમ પાર્ટી પ્લોટ, શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ટ્રસ્ટની શ્રી ઉમિયા માતાજી મંદિર નવરાત્રી, રામપાર્ક સોસાયટી, કલ્યાણ નવરાત્રી, રમઝટ નવરાત્રી મેદાનોમાં ભીડ જોવા મળી હતી. મોટી સંખ્યામાં ખેલૈયાઓ રાસ ગરબાના તાલે ઝૂમ્યા હતા. સાથો સાથ રાત્રી દરમિયાન જાહેરમાર્ગો અને હરવા ફરવાના સ્થળો સહીત શેરી ગરબાઓમાં ઉત્સાહ જામ્યો છે.

# પાલનપુરમાં દિવ્યાંગો સાથે છેતરપિંડી થઈ હોવાની રાવ

### ખાનગી સંસ્થાએ હાથ અદ્ધર કરતા કલેક્ટરને કરી રજુઆત

પાલનપુરમાં દિવ્યાંગો સાથે છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. ખાનગી સંસ્થાના સંચાલકે ડેટા એન્ટ્રીના નામે દિવ્યાંગો સાથે આપવાની ખાતરી બાદ સંચાલકે હાથ ઉચા કરતા પીડિત દિવ્યાંગો કલેકટર કચેરી ખાતે પહોંચ્યા હતા. ખાનગી કોમ્પુટર કલાસના સંચાલક કલેક્ટરને રજૂઆત કરી હતી. જો કે, જે પ્રકારે આ દિવ્યાંગો સાથે છેતરપિંડી થઈ છે તેમાં ખાનગી કોમ્પ્યુટર સેન્ટરના સંચાલકો દ્વારા



છેતરપિંડી કરી હોવાની રાવ લઈ ને કલેકટરને રજુઆત કરી હતી.

પાલનપુર મા ખાનગી સંસ્થાના સંચાલકે ડેટા એન્ટ્રીના નામે ત્રીસ જેટલા દિવ્યાંગો સાથે છેતરપિંડી કરતા દિવ્યાંગો કલેકટરને રજુઆત કરવા પહોંચ્યા હતા. પાલનપુર ગઠામણ દરવાજા ખાતે આવેલી ખાનગી સંસ્થાના સંચાલક દ્વારા દિવ્યાંગોને તાલીમ આપવાને અને ૧૭૫ રૂપિયા દૈનિક સ્ટાઈપેન્ડ દ્વારા સ્ટાઈપેન્ડ અને તાલિમ ના બહાને છેતરપિંડી કરાઈ હતી.

જોકે આ દિવ્યાંગો ની તાલીમ પૂર્ણ થઈ જતા દિવ્યાંગો એ નાણાંની માંગણી કરતાં સમગ્ર મામલો બહાર આવતા દિવ્યાંગો સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો છે. દૈનિક જે સ્ટાઈપેન્ડ આપવાની વાત હતી તેમાં પણ સંચાલકોએ હાથ અધ્ધર કર્યા હતા. જેને લઈને દિવ્યાંગોએ સરકારી ગ્રાન્ટ પણ ચાઉ કરી જવાની રજૂઆત થઈ હતી ત્યારે દિવ્યાંગોએ હવે કલેક્ટર પાસે દાદ માંગી હોવાનું પીડિત ભરતભાઈ અને નસરીન બેને જણાવ્યું હતું.

સરકાર અને તંત્ર દિવ્યાંગોને પ્રોત્સાહિત કરી રહી છે. ત્યારે પાલનપુરમાં દિવ્યાંગો સાથે છેતરપિંડીનો મામલો બહાર આવતા મામલો કલેકટર સુધી પહોંચ્યો છે.



### મગરવાડા માણિભદ્રવીર દાદાના મંદિરે મેળો ભરાયો

વડગામ તાલુકાના મગરવાડા સ્થિત શ્રી માણિભદ્ર વીર દાદાનું મંદિર અનેરી આસ્થાનું કેન્દ્ર છે. જે મંદિરમાં પાંચમ નિમિત્તે મહા મેળો ભરાયો હતો. જ્યાં ભક્તિનું ઘોડાપુર ઉમટ્યું હતું. શ્રી માણિભદ્રવીર દાદાના મંદિરે હોમ હવન સહિતની આરાધના કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. પાંચમ નિમિત્તે ભાવિક ભક્તો પણ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઝીકા વાઈરસની શક્યતા

### રાજસ્થાનમાં ઝીકા વાઈરસનો કહેર યથાવત : ડેન્ગ્યુ, ચિકનગુનિયાના મચ્છરોથી ફેલાતા ઝીકા વાઈરસ અંગે જીલ્લા આરોગ્યતંત્ર ગાઢ નિંદ્રામાં

મોડાસા, તા. ૧૪

ઝીકા વાઈરસ ગર્ભવતી મહિલાઓમાંથી આ વાઈરસ તેના નવજાત શિશુમાં ઉતરે છે અને શિશુના ચેતાતંત્રને મોટા પ્રમાણમાં નુકશાન કરતો હોવાથી તેની ગંભીરતા વધી જવાની સાથે ભારે સાવચેતી દાખવવી ખુબ જરૂરી છે. રાજસ્થાનમાં એક સાથે ૨૨ ઝીકા વાઈરસના કેસ મળી આવતા હાહાકાર મચ્યો છે. અરવલ્લી જીલ્લા અને રાજસ્થાન બોર્ડર અડીને આવેલી હોવાની સાથે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં રાજસ્થાની દર્દીઓ મોટા પ્રમાણમાં સારવાર અર્થે આવન-જાવન કરતા હોવાથી ગમે ત્યારે બંને જીલ્લા ઉપરાંત ગુજરાતમાં ઝીકા વાઈરસ પ્રવેશી શકવાની શક્યતાઓ વચ્ચે બંને જીલ્લા આરોગ્ય તંત્ર ગાઢ નિંદ્રામાં હોય તેવું પ્રજાજનો અનુભવી રહ્યા છે. રાજસ્થાનથી અરવલ્લી-



સાબરકાંઠા જીલ્લાની સરહદ પર સ્ક્રીનિંગ હાથ ધરવાની સાથે સાવચેતીના પગલાં ભરવાની માંગ પ્રબળ બની છે.

ઝીકા વાઈરસ એડીસ ઈજીપ્તી મચ્છરથી થતો હોવાથી અને આજ મચ્છરની પ્રજાતિ ડેન્ગ્યુ અને ચિકનગુનિયા પણ ફેલાવે છે. અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ડેન્ગ્યુ અને શંકાસ્પદ ડેન્ગ્યુના દર્દીઓ મોટા પ્રમાણમાં સારવાર લઈ માંડ સાજા થયા છે. હાલમાં પણ ડેન્ગ્યુ પોઝેટિવના દર્દીઓ એક પછી એક નોંધાઈ રહ્યા છે. રાજસ્થાનથી દરરોજ ૩૦થી વધુ પેસેન્જર જીપ અને અનેક ખાનગી વાહનો મારફતે બીમાર દર્દીઓ સારવાર અર્થે મોડાસા, શામળાજી, બાયડ, ભિલોડા, હિંમતનગર, ઈડરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે અવરજવર કરતા હોય છે ત્યારે આ રોગ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં પ્રવેશે નહિ તે જોવું જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે એક વર્ષ અગાઉ અમદાવાદ બાપુનગર વિસ્તારમાં ઝીકા વાઈરસના ત્રણ કેસ નોંધ્યા હતા જેમાં એક ગર્ભવતી મહિલા પણ સપડાઈ હતી. ડેન્ગ્યુ કરતા ઝીકા વાઈરસ ખતરનાક છે ખાસ કરીને ગર્ભવતી મહિલાઓ અને તેમના બાળક માટે આ વાઈરસ ઘાતક સાબિત થઈ શકે છે અને બાળકોના મગજ પર અસર કરતો હોવાથી વધુ ભયાનક સાબિત થઈ શકે છે.

# શામળાજી પોલીસ કોન્સ્ટેબલ પર બુટલેગરોએ કારથી કચડવાનો પ્રયાસ કરતા કોન્સ્ટેબલ ઈજાગ્રસ્ત

શામળાજી, તા. ૧૪

થોડા વર્ષો અગાઉ શામળાજી પીએસઆઈ પર બુટલેગર કાર ચઢાવી દેતા મોત નીપજ્યું હતું. આ ઘટનાના ૫ દિવસ બાદ અન્ય પોલીસકર્મીને કારથી ટક્કર મારી બુટલેગરો ફરાર થઈ ગયા હતા.

રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા અને જીલ્લા પોલીસવડા મયુર પાટીલ શામળાજી પોલીસસ્ટેશન અને ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદ શામળાજી રતનપુર ચેકપોસ્ટ પરથી ગાંધીનગર સુધી ઉંચી પહોંચ ધરાવતા અને હપ્તારાજની આડમાં બુટલેગરો કરોડો રૂપિયાનો વિદેશી દારૂ રાજ્યમાં ઠાલવવામાં આવી રહ્યો હોવાની વ્યાપક ચર્ચાઓ ઉઠી છે.

શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલે આરટીઓ ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ભરી કારને અટકાવવા જતા બુટલેગરે જીતુ ડામોર નામના પર કાર ચઢાવી દઈ કારથી કચડી નાખવાના હિચકારા પ્રયાસથી કોન્સ્ટેબલના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઈજાગ્રસ્ત કોન્સ્ટેબલને મોડાસા ખાનગી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયો હતો. જીલ્લા પોલીસવડા મયુર પાટીલે પોલીસકર્મી મુલાકાત લીધી હતી. ઘટનાની ગંભીરતાના પગલે રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા અને પોલીસવડા મયુર પાટીલ તાબડતોડ શામળાજી પોલીસ સ્ટેશનની મુલાકાત કરી હતી. શામળાજી પોલીસ એક બુટલેગરને ઝડપી પાડ્યો હતો અન્ય એક ફરાર થઈ જતા ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી શામળાજી પોલીસ સ્ટેશનમાં આ ઘટના અંગે ગુન્હો નોધાયો ન હોવાનું અને પંચનામું ચાલી રહ્યું હોવાનું ફરાજપરના મહિલા પીએસઓએ ટેલિફોનિક વાતમાં જણાવ્યું હતું.

### શામળાજી પોલીસસ્ટેશનમાં ફરજ બજાવતા કર્મચારીઓના પરિવારજનોના જીવ પડીકે બંધાયા

ગુજરાતમાં દારૂ સહીત નશાનો કાળો કારોબાર ચલાવતા બુટલેગરો બેફામ બન્યા છે. વિદેશી દારૂ ઘુસાડવા અને તેમની હાટડીઓ ચાલુ રાખવા પોલીસ આડે ઉતરેતો હિચકારો હુમલા અને વાહનની અડફેટે ચઢાવી કચડી નાખતા પણ અચકાતા નથી. શામળાજી પોલીસ સ્ટેશની હદમાં સમયાંતરે પોલીસકર્મી પર હુમલા અને કારની ટક્કરે કચડાવાની ઘટનાઓ બનતા પોલીસ કર્મચારીઓ સહીત પરિવારજનો પણ ફરજ પુરી કરી પરિવારના સભ્ય ઘરે ન પહોંચે ત્યાં સુધી ઉચાટ ભર્યા માહોલમાંથી પસાર થવું પડે છે. પોલીસકર્મીઓમાં પણ બુટલેગરોની વધતી હિમ્મતથી કચવાટ જોવા મળી રહ્યો છે.

શામળાજી પીએસઆઈ વાળા પર બુટલેગરે દારૂ ભરેલી કાર ચઢાવી દેતા ગંભીર ઈજાઓ પહોંચતા અમદાવાદ સઘન સારવાર બાદ મોત નીપજ્યું હતું આ ઘટનાના પાંચ દિવસ બાદ બે પોલીસ કોન્સ્ટેબલના પગ પર ઈનોવા કાર પગ ભાગી નાખવાની ઘટના ઘટી હતી. થોડા મહિના પહેલા ભિલોડા નજીક કોન્સ્ટેબલ પર બુટલેગરે હુમલો કરતા માંડ માંડ જીવ બચાવવામાં સફળતા મળી હતી. બુટલેગરો શામળાજી પોલીસસ્ટેશનના કબ્જામાં રહેલ કન્ટેનરમાંથી લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂના લૂંટ પ્રકરણની શાહી સુકાઈ નથી ત્યારે માથાભારે બુટલેગરે રતનપુર ચેકપોસ્ટ નજીક સ્વીફ્ટ કારથી ટક્કર મારી કચડી નાખવાના પ્રયાસથી ચકચાર મચી હતી. બુટલેગરોના કારથી પોલીસકર્મીને કચડવાની ઘટના પોલીસતંત્ર માટે શરમજનક ઘટના અને ખાખી વર્દીનો ખોફ ગાયબ હોવાનો સાબિત કરી રહી છે.

### ખેડુતો પાસેથી રાજય સરકાર દ્વારા ટેકાના ભાવથી ડાંગર, મકાઈ અને બાજરી સીધી ખરીદી શરૂ કરાશે

રાજય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૧૮-૧૯ અંતર્ગત ડાંગર, મકાઇ અને બાજરીની ખરીદી આગામી તા.૧૬/૧૦/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમના ૧૦ જેટલાં ખરીદ કેન્દ્રો/ગોડાઉન કેન્દ્રો ખાતે કરવામાં આવનાર છે. ભારત સરકાર દ્વારા લઘુત્તમ ટેકાનો ભાવ ડાંગર (કોમન) માટે રૂ. ૧૭૫૦/- પ્રતિ કિવન્ટલ, ડાંગર ગ્રેડ-એ માટે રૂ.૧૭૭૦/- પ્રતિ કિવન્ટલ, મકાઇ રૂ.૧૭૦૦/- પ્રતિ કિવન્ટલ અને બાજરી માટે રૂ.૧૯૫૦/- પ્રતિ કિવન્ટલ નિયત કરેલ છે. લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડુતોએ ઓનલાઈન નોંધણી http://pds.gujarat.gov.in ઉપર કરાવવા જણાવ્યું છે.







## પ્રાંતિજ સહિત વિસ્તારોમાં નવરાત્રીનો રંગ જામ્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં જગત જનની માં જગદંબા નું આરાધના પર્વ નવરાત્રી શ્રધ્ધા- ઉમંગભેર ઉજવાઇ રહી છે. ત્યારે ચોથા નોરતે પ્રાંતિજ માં પણ વિવિધ વિસ્તારોમાં ગરબે ધુમતા ખેલૈયાઓએ મોડી રાત્ર સુધી ગરબાની ધૂમ મચાવી હતી. જગત-જનની મા અંબા- જગંદબા ના નવ સ્વરૂપના આરાધના પર્વ નવલા નૌરતાની ગરબાઓની રમઝટ વચ્ચે ભકિતભાવપૂર્વક ઉજવણી કરાઇ રહી છે. ત્યારે પ્રાંતિજમાં નવરાત્રીનો રંગ જામ્યો છે. કચ્છ કડવા પાટીદાર સમાજ પ્રાંતિજ, વિશ્વકર્મા યુવક મંડળ, શાન્તીનાથ સોસાયટી, બંબાવાસ, સ્વામિનારાયણ સોસાયટી, ગોપીનાથ સોસાયટી સહિત ના વિસ્તારોમાં યંત્રયુગમાં પણ વર્ષોથી ચાલી આવતાં શેરી ગરબાનુ મહત્વ જાણે ડીઝે અને ગાયક કલાકારો વચ્ચે પણ અકબંધ છે અને વધારો થયો તેમ નગરજનો બહાર પાર્ટી પ્લોટોમાં જવાને બદલે શેરીઓમાં અને સોસાયટીઓમાં ગરબા ગાવાનું વધારે પસંદ કરે છે અને નાના બાળકોથી લઈને વયોવૃદ્ધ પણ નવરાત્રીના નવ દિવસ ગરબે ઘુમતા નજરે પડે છે. ત્યારે પ્રાચીન ગરબા સાથે ખેલૈયાઓ તાલ મળેળવીને પાવન નવરાત્રી પર્વની ઉજવણી થઈ રહી છે ત્યારે આ વર્ષે જાણે પ્રથમ નોરતેથી નવરાત્રીનો રંગ જામ્યો છે. ત્યારે ખેલૈયાઓ મન મુકીને ગરબા ચોકમાં ગરબે ધૂમી મા ની આરાધનામાં જોડાયાં છે.